# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સામાન્ય સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં ગુરૂવાર, તા.૩૦-૩-૨૦૧૭ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૩૦-૩-૨૦૧૭ |
|---|---|---|
| ૧. | માન. શ્રી ઓમ પ્રકાશ કોહલી, કુલાધિપતિશ્રી | ગેરહાજર |
| ૨. | પ્રો. હિમાંશુ એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૩. | ડો. એમ. એન. પટેલ | ગેરહાજર |
| ૪. | ડો. પિયુષ એમ. પટેલ | હાજર |
| ૫. | ડો. યોગેશભાઇ પારેખ | હાજર |
| ૬. | કમિશ્નર ઓફ હાયર એજયુકેશન | ગેરહાજર |
| ૭. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૮. | કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ | ગેરહાજર |
| ૯. | ડાયરેકટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઇનીંગ | હાજર |
| ૧૦. | કમિશ્નર ઓફ ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન | ગેરહાજર |
| ૧૧. | ચેરમેનશ્રી, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ | ગેરહાજર |
| ૧૨. | શ્રી અરવિંદકુમાર જી. પટેલ | ગેરહાજર |
| ૧૩. | શ્રી હસમુખભાઇ સોમાભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૪. | શ્રી દેવાંગ જીતેન્દ્રભાઇ દાણી | ગેરહાજર |
| ૧૫. | શ્રી યોગેશ ડી. શ્રીધર | હાજર |
| ૧૬. | શ્રી પંકજકુમાર ગીરીજાપ્રસાદ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી ધર્મેશકુમાર હીરાલાલ રાવ | હાજર |
| ૧૮. | શ્રી વિશાલ પ્રવિણભાઇ પટેલ | ગેરહાજર |
| ૧૯. | શ્રી સતીષકુમાર નટવરલાલ પટેલ | હાજર |
| ૨૦. | શ્રી પંકજકુમાર રમેશકાંત શુકલા | હાજર |
| ૨૧. | શ્રી મહેશ બાબુલાલ પટેલ | હાજર |
| ૨૨. | શ્રી અશોકભાઇ કલ્યાણભાઇ વનાલીયા | હાજર |
| ૨૩. | શ્રી હસમુખ દેવજીભાઇ ચૌધરી | હાજર |
| ૨૪. | શ્રી બંકીમચંદ્ર જેકીશનદાસ મિસ્ત્રી | ગેરહાજર |
| ૨૫. | શ્રી ભરત વિદુરભાઇ ભગત | ગેરહાજર |
| ૨૬. | શ્રી કેતન ધીરજલાલ દેસાઇ | ગેરહાજર |
| ૨૭. | ડો. મનીષ એમ. દોશી | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૨૮. | શ્રી દેવાંગભાઇ સુધીરભાઇ નાણાવટી | ગેરહાજર |
| ૨૯. | શ્રી રિતેષ કમલકિશોર હાડા | ગેરહાજર |
| ૩૦. | શ્રી બળદેવભાઇ જોઇતાભાઇ ચૌધરી | હાજર |
| ૩૧. | શ્રી નિલેશ પી. સથવારા | હાજર |
| ૩૨. | શ્રી રામભાઇ એ. ગાધે | હાજર |
| ૩૩. | શ્રી મુકેશ હરિપ્રસાદ ખટીક | હાજર |
| ૩૪. | શ્રી શિલ્પા એન. ઠાકર | હાજર |
| ૩૫. | શ્રીમતી સોનલ આર. પંડયા | ગેરહાજર |
| ૩૬. | શ્રી ઇશ્વરભાઇ એન. ગામીત | હાજર |
| ૩૭. | શ્રી પ્રતાપસિંગ રતીલાલભાઇ પડવી | હાજર |
| ૩૮. | શ્રી પંકજ એમ. શ્રીમાળી | હાજર |
| ૩૯. | ડો. દિગ્વિજયસિંહ જી. ગોહિલ | હાજર |
| ૪૦. | શ્રી રમેશભાઇ જોઇતારામ ચૌધરી | હાજર |
| ૪૧. | શ્રી રણજીતસિંહ જોરૂભા ઝાલા | હાજર |
| ૪૨. | શ્રી હર્ષદ મગનલાલ બ્રહમભટ્ટ | હાજર |
| ૪૩. | શ્રી હર્ષદકુમાર એ. પટેલ | ગેરહાજર |
| ૪૪. | ડો. ધવલ આર. પટેલ | હાજર |
| ૪૫. | શ્રી અવિનાશ જસવંતલાલ શાહ | ગેરહાજર |
| ૪૬. | શ્રી રાજેશ પી. સથવારા | હાજર |
| ૪૭. | શ્રી ગીરીશ કનુભાઇ રાણા | હાજર |
| ૪૮. | શ્રી રાજેન્દ્ર મગનલાલ જાદવ | હાજર |
| ૪૯. | શ્રી લક્ષ્મણભાઇ કે. પરમાર | હાજર |
| ૫૦. | શ્રી મહેશકુમાર સી. પટેલ | હાજર |
| ૫૧. | શ્રી ધવલ કનૈયાલાલ વાઘેલા | હાજર |
| ૫૨. | શ્રી નિતલ રમેશચંદ્ર પંચાલ | હાજર |
| ૫૩. | શ્રી વિજયસિંહ બી. પઢેરીયા | હાજર |
| ૫૪. | શ્રી કૌશિકકુમાર ચીમનલાલ રાવલ | ગેરહાજર |
| ૫૫. | શ્રી હિરેન બાબુભાઇ પટેલ | ગેરહાજર |
| ૫૬. | શ્રી દિપક ગુણવંતરાય શુકલ | ગેરહાજર |
| ૫૭. | શ્રીમતી મયુરી હિમાંશુ પંડયા | હાજર |
| ૫૮. | શ્રી હરેશ પી. ભાલોડિયા | ગેરહાજર |
| ૫૯. | શ્રી દેવલ એમ. દેસાઇ | હાજર |
| ૬૦. | શ્રી વિપુલકુમાર નાનજીભાઇ સોલંકી | હાજર |
| ૬૧. | શ્રી નિતીનકુમાર ડાહયાભાઇ શાહ | હાજર |
| ૬૨. | શ્રી જીગ્નેશ એમ. કીંગલ | હાજર |
| ૬૩. | શ્રી પ્રકાશ બી. ખુમાન | હાજર |
| ૬૪. | શ્રી દેવદત્ત રામસિંગ રાણા | હાજર |
| ૬૫. | શ્રી જસવંતભાઇ હરીભાઇ ઠકકર | ગેરહાજર |
| ૬૬. | શ્રી અશ્વિનકુમાર જસવંતલાલ પટેલ | હાજર |
| ૬૭. | શ્રી મનુભાઇ બી. ભરવાડ | હાજર |

| | | |
|---|---|---|
| ૬૮. | ડો. અર્થ કે. પટેલ | હાજર |
| ૬૯. | શ્રી સુભાષ વાડીલાલ બ્રહમભટ્ટ | હાજર |
| ૭૦. | શ્રી જયવંતસિંહ અંકુભાઇ સરવૈયા | હાજર |
| ૭૧. | શ્રીમતી ગીતા પ્રાણલાલ મહેતા | હાજર |
| ૭૨. | શ્રી હિતેશકુમાર રમેશચંદ્ર ભટ્ટ | ગેરહાજર |
| ૭૩. | શ્રી સ્ટારપાયલ નટરાજન ઐયર | ગેરહાજર |
| ૭૪. | શ્રી સંગીતા પુષ્કર ઘાટે | હાજર |
| ૭૫. | શ્રી ગીતા ગીરીશભાઇ પંડયા | ગેરહાજર |
| ૭૬. | શ્રી નિરજા અરૂણ ગુપ્તા | હાજર |
| ૭૭. | શ્રી મહિપતસિંહ દાનસિંહ ચાવડા | હાજર |
| ૭૮. | શ્રી જગદીશભાઇ એસ. ચૌધરી | હાજર |
| ૭૯. | શ્રી આશા સનતકુમાર પંડીત | ગેરહાજર |
| ૮૦. | શ્રી ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | હાજર |
| ૮૧. | શ્રી હરેશકુમાર ભુપતભાઇ વાઢેલ | હાજર |
| ૮૨. | શ્રી કિરણ ચંદ્રકાન્ત દેશમુખ | હાજર |
| ૮૩. | શ્રી ભાનુકુમાર ખુમજી જૈન | ગેરહાજર |
| ૮૪. | શ્રી રૂતેશ રમણીકલાલ શાહ | હાજર |
| ૮૫. | શ્રી અરૂણેન્દ્રસિંઘ શિવપાલસિંઘ રાઠોર | ગેરહાજર |
| ૮૬. | શ્રી લક્ષ્મીકાન્ત એસ. પાઠક | ગેરહાજર |
| ૮૭. | ડો. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૮૮. | શ્રી દિલીપકુમાર અમૃતલાલ મેવાડા | ગેરહાજર |
| ૮૯. | શ્રી અરૂણ હરીલાલ વ્યાસ | હાજર |
| ૯૦. | શ્રી સંજય એમ. વકીલ | ગેરહાજર |
| ૯૧. | શ્રી સુરેશચંદ્ર કાન્તિલાલ ત્રિવેદી | ગેરહાજર |
| ૯૨. | શ્રી ગોપાલ રમેશચંદ્ર ભટ્ટ | હાજર |
| ૯૩. | શ્રી સૌરભ સી. ચોકસી | હાજર |
| ૯૪. | શ્રી મહેન્દ્ર જી. ભટ્ટ | હાજર |
| ૯૫. | શ્રી હરજીતસિંઘ દર્શનસિંઘ શીખ | હાજર |
| ૯૬. | શ્રી શંકરસિંહ રામસિંહ રાણા | ગેરહાજર |
| ૯૭. | શ્રી ડોલી પંકજ પટેલ | ગેરહાજર |
| ૯૮. | શ્રી પંકજ ચંદુભાઇ પટેલ | હાજર |
| ૯૯. | શ્રી ઇન્દ્રવિજયસિંહ જી. ગોહિલ | હાજર |
| ૧૦૦. | શ્રી જોશ જહોન | ગેરહાજર |
| ૧૦૧. | ડો. પી. પી. પ્રજાપતિ | હાજર |
| ૧૦૨. | ડો. બી. વી. પટેલ | હાજર |
| ૧૦૩. | ડો. જે. એસ. જોષી | હાજર |
| ૧૦૪. | ડો. ડી. ડી. ઝાલા | હાજર |
| ૧૦૫. | શ્રી નૂતન કોટક | હાજર |
| ૧૦૬. | ડો. પ્રતિક કંચન | ગેરહાજર |
| ૧૦૭. | શ્રી ધવલસિંહ એન. ઝાલા | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૧૦૮. | ડો. વનરાજસિંહ કે. ચાવડા | હાજર |
| ૧૦૯. | શ્રી ધ્રુમિલભાઇ ડી. પટેલ | હાજર |
| ૧૧૦. | શ્રી મહેશભાઇ એલ. કસવાલા | હાજર |
| ૧૧૧. | શ્રી કૌશિકભાઇ જૈન | ગેરહાજર |
| ૧૧૨. | ડો. શિવાની એસ. રાજપૂરોહિત | હાજર |
| ૧૧૩. | શ્રી ધીરજ એચ. રાઠોડ | હાજર |
| ૧૧૪. | ડો. રશ્મિકાન્ત વી. દવે | હાજર |
| ૧૧૫. | શ્રી નરેશ દેસાઇ | હાજર |
| ૧૧૬. | શ્રી ચિરાગ પટેલ | હાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો:

ગુજરાત યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની આ સભા ગુજરાત યુનિવર્સિટીના નામી-અનામી અધ્યાપકો, કર્મચારીઓ તેમજ વિધ્યાર્થીઓના દુ:ખદ અવસાનથી ઉંડા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવંગત આત્માઓને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ દુ:ખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના સાથે આ સભા શ્રધ્ધાંજલિ અર્પે છે.

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે ઉભા થઇને એક મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો.

કામકાજની યાદી પરની બાબતોની વિચારણા હાથ ધરતાં પહેલાં પ્રમુખશ્રી ધ્વારા સભ્યશ્રીઓને નવનિર્મીત વાતાનુકુલીત સેનેટ હોલમાં આવકારીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

તે પછી બા.ક્ર.૧(અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું અને પ્રશ્ન ક્રમાંક : ૧ થી ૮૮ પરત્વેની તમામ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

**૧: (૧) તા.૩૦-૩-૨૦૧૬ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.**

ઠરાવ : તા.૩૦-૩-૨૦૧૬નાં રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજુર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

દરમ્યાન, અનામતની જોગવાઇઓના પાલનના અભાવે મોકૂફ રાખવામાં આવેલ વિધ્યાર્થી સેનેટનું ઇલેકશન તાકિદે યોજવા શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, શ્રી હસમુખભાઇ ચૌધરી, શ્રી ધર્મેશભાઇ રાવ સહિતના સભ્યશ્રીઓએ રજૂઆત કરી હતી અને પ્રમુખસ્થાનેથી માન. કુલપતિશ્રીએ પણ સદરહુ બાબતે માહિતી આપતા જણાવ્યું હતું કે કેટલાંક ટેકનીકલ કારણો અને ખાસ કરીને અનામતની જોગવાઇના સંદર્ભે અમલીકરણમાં કર્મચારીની કાયદાકીય જવાબદારી બનતા પત્રોથી ઉભા થતા કાયદાકીય પ્રશ્નોથી વિધ્યાર્થી સેનેટનું ઇલેકશન સમય મર્યાદાને ધ્યાને લઇ હાલ મોકૂફ રાખવું પડયું છે અને તાકિદે ઘટતું કરવા ખાત્રી આપી હતી.

ઉપરોકત બાબતે લંબાણપૂર્વકની ચર્ચાવિચારણા બાદ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે આગામી શૈક્ષણિક સત્રથી એનરોલમેન્ટની કાર્યવાહી પૂર્ણ કરી યુનિવર્સિટી એકટની જોગવાઇઓ મુજબ વિધ્યાર્થી સેનેટના ઇલેકશનની કામગીરી હાથ ધરવાનું રાખવું.

ત્યારબાદ કામકાજની યાદીપરની બાકી રહેતી નીચેની બાબતો હાથ ધરવામાં આવી:

૨: **ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા.૩૧મી માર્ચ,૨૦૧૬ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૬૬મો વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **ડૉ.બળદેવભાઈ વી.પટેલે** નોટીસ આપી છે.

" તા.૩૧ માર્ચ,૨૦૧૬ના રોજ પુરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના ૬૬મા વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ ડો. બળદેવભાઇ વી. પટેલે રજુ કર્યો, તેને ડો. વનરાજસિંહ ચાવડાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

૩: **૨૦૧૫-૨૦૧૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલ પર વિચારણા કરવા બાબત.**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી મહેશભાઈ કસવાલાએ** નોટીસ આપી છે:

"આ સભા સને ૨૦૧૫-૨૦૧૬ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલની નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ શ્રી મહેશભાઇ કસવાલાએ રજુ કર્યો, તેને ડો. રમેશભાઇ ચૌધરીએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

૪: **ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે.૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૧૭-૨૦૧૮ના અંદાજપત્ર તથા સને ૨૦૧૬-૨૦૧૭ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજુ કરવાની **ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલએ** નોટીસ આપી છે.

" ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૨૦૧૭-૨૦૧૮ના અંદાજપત્ર તથા સને ૨૦૧૬-૨૦૧૭ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ **ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલે** રજુ કર્યો, તેને શ્રી પંકજભાઇ શુકલાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

૫: યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજના શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ સામે કોલેજ દ્વારા કાયદાકીય પગલાં લેતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી એકટની જોગવાઈ અનુસાર માન.કુલપતિશ્રીની મંજૂરી લેવાનું રાખવું. તેને બદલે સુધારીને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજના શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ સામે કોલેજ દ્વારા કાયદાકીય કે શિક્ષાત્મક પગલાં લેતાં પહેલાં ગુજરાત યુનિવર્સિટી એકટની સેકશન-૫૧(એ) અને ૫૨(એ)ની જોગવાઈમાં સુધારો કરીને એફીલીએટેડ કોલેજીસ શબ્દ ઉમેરવા તથા સરકારશ્રીની મંજૂરીની કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સંલગ્ન તમામ કોલેજોએ ઉપરના કિસ્સામાં કાયદાકીય કે શિક્ષાત્મક પગલા લેતાં કાર્યવાહી કરતાં પહેલા માન.કુલપતિશ્રીની મંજૂરી લેવાનું રાખવું. સદરહુ બાબત તા.૧૪-૧૦-૨૦૧૬ની એકિઝકયુટીવ કાઉન્સિલની મીટીંગમાં ઠરાવ થયેલ, જે યુનિવર્સિટી કોર્ટની સભામાં મંજૂરી અર્થે.

ઠરાવ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતે તા.૧૪-૧૦-૨૦૧૬ની એકિઝકયુટિવ કાઉન્સિલની મીટીંગમાં થયેલ ઠરાવને મંજુરી આપવાનું રાખવું.

આ ઉપરાંત, સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેના ઠરાવો / સુચનો કરવામાં આવ્યા હતા :

(૧) માન. સભ્યશ્રીઓએ યુનિવર્સિટીનાં કેમ્પસ પર ચાલતા વિવિધ વિકાસનાં કામો જેવાં કે ડો. એ.પી.જે. અબ્દુલ કલામ સેન્ટર ફોર એક્ષટેન્શન રિસર્ચ એન્ડ ઇનોવેશન (CERI), સ્પોર્ટસ કોમ્પલેક્ષ, બોટની, બાયોઇન્ફોર્મેટીકસ અને કલાઇમેટ ચેઇન્જ, માઇક્રોબાયોલોજી, સાયકોલોજી, ફિઝીકસ, હોસ્ટેલ રીપેરીંગ, સ્ટાફ કવાર્ટર્સ રીપેરીંગ, રોડ રસ્તા, સેન્ટ્રલ વીસ્ટા, નવનિર્માણ પામનારા મુખ્ય દરવાજા, મેથેમેટીકસ, સ્ટેટેસ્ટીકસ વિભાગ, જર્નાલીઝમ, લો અને સ્કૂલ ઓફ કોમર્સ, સેનેટ હોલ, એમ્ફીથીયેટર તેમજ જીઓગ્રાફી વિભાગનાં નવીનીકરણ તેમજ રાજય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન, રૂસા (RUSA) વિગેરે તરફથી નવા બાંધકામ અંગે મળેલી અને મળનાર અનુદાનોની પ્રશંસા કરી નોંધ લીધી તેમજ ઉપરોકત કામગીરી અને ભવિષ્યનાં કરેલાં પ્લાનીંગ અંગે આનંદ વ્યકત કર્યો હતો. ઉપરાંત યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે વિધ્યાર્થી - અધ્યાપક – કર્મચારીઓને સાંપ્રત જરૂરિયાતો અને સગવડોનાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય માનકો, માપદંડોને ધ્યાને લઇ આગામી આયોજનો કરવા ભલામણ કરેલી જેથી યુનિવર્સિટીને આંતરરાષ્ટ્રીય ખ્યાતી મળે તેવી સુવિધાઓ અને માળખાકીય આયોજનો કરી તે અંગે શકય તમામ નાણાંકીય જોગવાઇ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૨) ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોર કાઉન્સિલ (GUSEC), ગુજરાત યુનિવર્સિટી કન્સલ્ટન્સી સેલ (GUCC), ગુજરાત યુનિવર્સિટી એલ્યુમની એસોસીએશન (GUAA), ઇનોવેશન કાઉન્સિલ વિગેરે અંતર્ગત પણ જરૂરી ફંડની જોગવાઇ કરી અનુદાન વિગેરેના નવા આયામો ચકાસવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવી કે જે યુનિવર્સિટીના વિધ્યાર્થીલક્ષી લાંબાગાળાના વિકાસનાં કામોમાં વિધ્યાર્થીઓનાં હિતમાં વાપરવાનું રાખવું.

તદ્ ઉપરાંત, GUSEC ખાતે બનેલી Section-8 કંપની તેમજ સરકારશ્રી ધ્વારા મળેલી Nodal Institute તરીકેની માન્યતાને સર્વાનુમતે પ્રસંશા કરવામાં આવી અને આ અંગે યુનિવર્સિટી વ્યવસ્થા ધ્વારા કરેલાં પ્રયત્નોને બિરદાવવામાં આવ્યા.

(૩) ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલતા ખુબ જ અગત્યના એકમો જેવાં કે GUSEC, GUCC, GUAA, ઇનોવેશન સોસાયટી વિગેરેની Research & Extension એકટીવીટી તેમજ યુનિવર્સિટીની ખ્યાતીને સીધા લાભો મળી રહે તે હેતુથી યુનિવર્સિટીના મુખ્ય કામકાજથી અળગા કરી સ્વતંત્ર રીતે કામગીરી કરે તે જરૂરી હોઇ આ એકમો સ્વાયત્ત બની જરૂરી તમામ કાર્યો જેવાં કે ફંડ યુટીલાઇઝેશન, બેંક એકાઉન્ટસ, ઓડિટ વિગેરે અલગ કરી કામગીરી કરે તે માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તેમજ આ અંગે આવનાર ફાઇનાન્સ કમીટીમાં જરૂરી બંધારણ નકકી કરવું.

(૪) સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સેકસ્યુઅલ હેરેસમેન્ટની ફરિયાદના સંદર્ભમાં સરકારશ્રી ધ્વારા એન.સી.બોડીવાલા કોમર્સ કોલેજ, અમદાવાદની અનુદાન પાત્રતા રદ કરવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે તે બાબતે શ્રી પંકજભાઇ શ્રીમાળી, ડો. રમેશભાઇ ચૌધરી, શ્રી પંકજભાઇ શુકલા અને ડો. દિગ્વિજયસિંહ ગોહિલે વિશાળ વિધ્યાર્થી-કર્મચારી ગણના હિતમાં ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા હોવાથી કોઇપણ સંજોગોમાં તેને બંધ થવા ન દેવા રજુઆત કરી હતી તેને ધ્યાનમાં લઇને સદરહુ બાબતે તપાસ કરીને અહેવાલ આપવા ત્રણ સભ્યશ્રીઓની કમીટી નિયુકત કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગે સાત દિવસમાં સંસ્થાની રૂબરૂ મુલાકાત ગોઠવી સરકારશ્રીને જરૂરી રજુઆત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૫) યુ.જી.સી.ના નિયમો પ્રમાણે ઠરાવ કરીને રજાના કોમન નિયમો યુનિવર્સિટીને લાગુ પાડવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૬) યુનિવર્સિટીમાં વિવિધ વિધ્યાશાખાના પ્રથમ વર્ષના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે હાલની સેન્ટ્રલાઇઝ એડમીશનની સીસ્ટમ અન્ડર ગ્રેજયુએટ અને પોષ્ટ-ગ્રેજયુએટ આર્ટસ ફેકલ્ટી માટે બંધ કરવા કે ફેરફાર કરવા, એક કે બે રાઉન્ડની પ્રક્રિયા બાદ પ્રવેશ માટેની સત્તા સંસ્થાને આપવા, પ્રવેશ માટેની સેન્ટ્રલાઇઝ એડમીશનની સીસ્ટમ ચાલું રાખીને સમયસર પ્રવેશની કાર્યવાહી પૂર્ણ કરવા તેમજ સેન્ટ્રલાઇઝ એડમીશન સીસ્ટમમાં આંશિક ફેરફાર કરવા જેવા વિવિધ સુચનો સભ્યશ્રીઓએ કર્યા હતા, જે પરત્વે લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કર્યા બાદ હાલની સેન્ટ્રલાઇઝ એડમીશન સીસ્ટમમાં જરૂરી સુધારા કરવા માટે ભલામણ કરવા માટે કમીટી નિયુકત કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. સદરહુ કમીટીમાં વિધ્યાર્થી પ્રતિનિધિનો પણ સમાવેશ કરવાનું રાખવું.

(૭) શ્રી વનરાજસિંહ ચાવડાએ રજુઆત કરતાં જણાવ્યું હતું કે બી.કોમ.માં અગાઉના સેમેસ્ટરમાં જે વિધ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ અને સેકન્ડ કલાસ મેળવેલ છે તેવા વિધ્યાર્થીઓ સેમેસ્ટર-૫ અને ૬ ની સ્ટેટેસ્ટીકસ વિષયની ઉત્તરવહીઓના યોગ્ય મુલ્યાંકનના અભાવે નાપાસ થયા છે. આ વર્ષે કરીને બી.કોમ. માં એકદમ નબળી કક્ષાનું પરિણામ આવતા વિધ્યાર્થી હીતમાં આવી ઉત્તરવહીઓનું યોગ્ય જણાય તો પુન: મુલ્યાંકન કરવું તેમજ

આવા કિસ્સામાં જો કોઇ બેદરકારી જણાય તો દાખલારૂપ પગલાં ભરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૮) બી.કોમ.માં ફાઇનાન્સીયલ એકાઉન્ટન્સી વિષયનો અભ્યાસક્રમ તાત્કાલિક બદલવા માટેની બાબત બોર્ડ ઓફ સ્ટડીઝમાં મુકવાનું ઠરાવવામાં આવ્યું.

(૯) હાલ માત્ર ડીગ્રી પરીક્ષાના છેલ્લાં વર્ષમાં રીઝલ્ટ બાદ રી-એસેસમેન્ટ કરવામાં આવે છે અને મેળવેલ માર્કસમાં ૧૫ ટકા કે તેથી વધુ ફેરફાર થાય તોજ સુધારેલ માર્કસનો લાભ વિધ્યાર્થીને આપવામાં આવે છે તે રી-એસેસમેન્ટના નિયમોમાં ફેરફાર કરીને તમામ સેમેસ્ટરના તમામ વિષયોમાં વિધ્યાર્થીએ મેળવેલ માર્કસમાં યોગ્ય પ્રક્રિયા બાદ જે કોઇપણ સુધારો થાય તેનો લાભ આપવા અને તેનો અમલ વર્ષ ૨૦૧૭ની હાલ ચાલી રહેલ પરીક્ષાથી જ કરવા રજુઆત થઇ હતી, જે પરત્વે ચર્ચાવિચારણા બાદ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતે અહેવાલ આપવા એક એકઝામીનેશન રીફોર્મ્સ કમીટી નિયુકત કરવાની સત્તા માન. કુલપતિશ્રીએ આપવાનું રાખવું.

(૧૦) શ્રી ધર્મેશભાઇ રાવે રજુઆત કરતાં જણાવ્યું હતું કે યુ.જી.સી. ગાઇડલાઇન્સ મુજબ યુનિવર્સિટી એક્ષ્ટર્નલ અભ્યાસક્રમોની પરીક્ષા લઇ શકે નહીં, જે આપણે લઇએ છીએ તો તે ડીગ્રી વેલીડ છે કે કેમ? સદરહુ બાબતે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે આ અંગે યુ.જી.સી. સમક્ષ રજુઆત કરીને ઘટિત સ્પષ્ટતા મેળવવાનું રાખવું.

(૧૧) અભ્યાસક્રમ દર બે-ત્રણ વર્ષે સુધારવા અંગેની બાબતે થયેલ સુચન પરત્વે માન. કુલપતિશ્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે લગભગ ૮૦ ટકા જેટલાં સીલેબસ બદલવાની કામગીરી સંબંધિત બોર્ડ ધ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે.

(૧૨) યુનિવર્સિટીએ ઇલેકશનની કામગીરી યુનિવર્સિટી એકટની જોગવાઇ પ્રમાણે હાથ ધરવાનું રાખવું અને જે કોઇ કર્મચારી કે અધિકારીને ઇલેકશનની સોંપવામાં આવેલ કામગીરી જવાબદારીપૂર્વક નિભાવે નહીં કે રજાપર જતા રહે તો તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે ઇલેકશનની કામગીરી નિભાવતા અધિકારી/કર્મચારીને જરૂર જણાય ત્યારે પૂરતું પોલીસ તેમજ કાયદાકીય કે અન્ય જરૂરી રક્ષણ યુનિવર્સિટીએ આપવાનું રાખવું.

(૧૩) શ્રી નરેશભાઇ દેસાઇ અને પ્રો. રાજેન્દ્રભાઇ જાદવે સુચન કરેલ કે ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજોના વર્ગો ચલાવવાની પરમીશન આપવી ન જોઇએ તેમજ ગ્રાન્ટ-ઇન-એડઇ કોલેજો એમ.એસસી.ના સેલ્ફ-ફાઇનાન્સ ધોરણે વર્ગો ચલાવે છે અને સેમેસ્ટર દીઠ ફી રૂ.૧૮,૫૦૦/- વિધ્યાર્થી પાસેથી લે છે જે વ્યાજબી કરવામાં આવે તેમજ વધુમાં શ્રી નરેશભાઇ દેસાઇએ જણાવેલ કે હાયર પેમેન્ટથી જે વર્ગો ચલાવવામાં આવે છે તેમાં શૈક્ષણિક કાર્ય હાયર પેમેન્ટની વિશિષ્ટ કક્ષાનું અલગથી કરવાનું રાખવા સુચન કરેલ છે.

(૧૪) ડો. પી. પી. પ્રજાપતિએ સુચન કરતાં જણાવ્યું હતું કે વિવિધ પરીક્ષાના કો-ઓર્ડિનેટરની નિયુકિત યુનિવર્સિટી કેમ્પસપર ફરજ બજાવતા અધ્યાપકોમાંથી જ કરવા જરૂરી વ્યવસ્થા હોવી જોઇએ. વધુમાં તેઓએ સુચન કરતાં

જણાવ્યું હતું કે ઘણી બધી કોલેજોમાં ચાલતા પી.જી. કેન્દ્રો કોલેજો બંધ કરી રહી છે તે જોતાં, યુનિવર્સિટીના પી.જી. કેન્દ્રોમાં હાલ ઘટી રહેલ વિધ્યાર્થી સંખ્યા વધે તે માટે જોગવાઇ કરવી જોઇએ.

(૧૫) શ્રી પંકજભાઇ શુકલાએ વિધ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કશીટ અને ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે તેમજ માર્કશીટ/ડીગ્રી સર્ટીફીકેટના વેરીફીકેશનની કામગીરી કરવા માટે યુનિવર્સિટી લાંબી સમયમર્યાદા આપે છે તેને બદલે વિધ્યાર્થીને તેજ દિવસે માર્કશીટ/ડીગ્રી સર્ટીફીકેટ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવીને ચોકકસ સમય મર્યાદા નકકી કરવાનું રાખવું. ઉપરાંત, વિધ્યાર્થી પાસેથી ઉપરોકત કામગીરી તાત્કાલિક કરાવવા માટે યુનિવર્સિટીએ જે ચાર્જ નકકી કરેલો છે તેમાં ઘટાડો કરવા અને આ ખર્ચને પહોંચી વળવા માટે વિધ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી પરીક્ષા ફીમાં નોમીનલ વધારો કરવાનું સુચન કર્યું હતું, જેને શ્રી નરેશભાઇ દેસાઇએ ટેકો જાહેર કર્યો હતો.

(૧૬) શ્રી ધીરજભાઇ રાઠોડે રાજય સરકારશ્રીના પરિપત્ર મુજબ એસસી/એસટી વિધ્યાર્થીઓને ફ્રીશીપ કાર્ડ આપવાની વ્યવસ્થા છે તેની જાણ કરતો પરિપત્ર તમામ કોલેજોને કરવા સુચન કર્યું હતું. વધુમાં, ફ્રીશીપ કાર્ડ અંગે કોલેજ વહીવટી સ્ટાફ તેમજ વિધ્યાર્થીઓને માહિતગાર કરતા વર્કશોપ/કેમ્પનું યુનિવર્સિટીના સેનેટ હોલમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં શ્રી પંકજભાઇ શ્રીમાળી અને શ્રી ધીરજભાઇ રાઠોડ ધ્વારા આયોજન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

(૧૭) શ્રી હસમુખભાઇ ચૌધરીએ યુનિવર્સિટીના સ્ટુડન્ટ વેલ્ફેરના સભ્યશ્રીઓને બીજી યુનિવર્સિટીની મુલાકાત માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે તેજ રીતે યુનિવર્સિટી સેનેટના રજીસ્ટર્ડ ગ્રેજયુએટની બેઠકો પર ચૂંટાયેલા સભ્યશ્રીઓ માટે પણ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવાના કરેલ સુચનને શ્રી નરેશભાઇ દેસાઇએ ટેકો આપેલો, જેનો અમલ યોગ્ય બજેટ ફાળવી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

(૧૮) શ્રી વનરાજસિંહ ચાવડાએ વિવિધ કોલેજોમાં એમ.એ. નો અભ્યાસ કરતાં અંધ વિધ્યાર્થીઓ પાસે પ્રોજેકટનો આગ્રહ રાખવામાં આવે છે તેને બદલે ઓપ્શનલ પેપર આપવાની જોગવાઇ કરવા માટે સુચન કર્યું હતું.

સભાનાં અધ્યક્ષ સ્થાનેથી માન. કુલપતિશ્રીએ સભાનું સંપૂર્ણ કામકાજ વિધ્યાર્થી લક્ષી પ્રશ્નો અને તેનાં સુચનો બદલ સભાનો આભાર વ્યકત કર્યો હતો.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

હુકમથી
ડો. પી. એમ. પટેલ
કુલસચિવ(ઇન્ચાર્જ)